**DATE: 17/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### ખાસ બનાવેલાં રૂમમાંથી કતલ કરવાના સાધનો પણ મળી આવ્યાં

# તરસાલી ગામે કતલના ઈરાદે મકાનમાં રખાયેલી 27 ગાયોને પોલીસે બચાવી

**ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા**

રાજપારડી પોલીસ બકરી ઈદને લઈને પેટ્રોલિંગમાં હતી તે વેળાં તેમને ચોક્કસ બાતમી મળી હતી કે, તરસાલી ગામે ખુશરૂ નશીરી મહોલ્લામાં રહેતાં ઈસ્માઈલ શબ્બીર મલેકે તેના ઘરમાં કેટલીંક ગાયોને કતલ કરવાના ઈરાદે ગોંધી રાખી છે. જેના પગલે ટીમે તુરંત તેના ઘરે દરોડો પાડ્યો હતો. ટીમે તેના ઘરે તપાસ કરતાં એક રૂમમાં ટૂંકા દોરડાથી ગળેફાંસો આવે તેર રીતે કૃરતાપુર્વક કતલ કરવાના ઈરાદે બાંધી રાખેલાં ગૌવંશો જણાયાં હતાં. જેમાં 16 ગાય, 7 વાછરડા તેમજ 4 વાછરડી મળી આવી હતી. જે અંગે પુછતાં તે પૈકીની 6 ગાય કાદર કાઝી નામના શખ્સની હોવાનું તેમજ બાકીની તેની હોવાનું જણાવ્યું હતું. ઉપરાંત તેણે કબુલ્યું હતું કે, તેણે બકરી ઈદમાં વેચવા માટે ગાયો લાવીને રાખી હતી. ટીમે તપાસ કરતાં રૂમમાંથી કતલ કરવા માટે વપરાતો લાકડાનો ગોળ બ્લોક તેમજ એક છરો સહિતના સાધનો પણ મળી આવ્યાં હતાં. તેણે 27 જેટલી ગાયોને બળજબરીપુર્વક રાખેલાં હોઈ ટીમે તમામ પશુઓને મુક્ત કરાવી તેમને પાંજરાપોળ ખાતે રવાના કરવાની કવાયત હાથ ધરી હતી. તેમજ ગેરકાયદે રીતે પશુઓને ગોંધી રાખનાર ઈસ્માઈલ સાબીર મલેક તેમજ કાદર કાઝી સામે ગુનો નોંધ્યો છે.

## અનિચ્છનીય બનાવ રોકવા પ્રયાસો

# વાગરામાં બકરી ઈદના પર્વને અનુલક્ષી પોલીસની ફૂટ માર્ચ

ભાસ્કર ન્યૂઝ | વાગરા

ભરૂચ શહેર તથા જિલ્લામાં સોમવારના રોજ બકરી ઈદના પર્વની ઉજવણી કરવામાં આવશે ત્યારે તહેવાર દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસતંત્ર પણ સર્તક બની ગયું છે.

કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તેમજ ભયમુક્ત વાતાવરણમાં પર્વની ઉજવણી થાય તે માટે વાગરા પોલીસના જવાનોએ ફૂટ પેટ્રોલિંગ કર્યું હતું. એસ.ટી ડેપો સર્કલ, પટેલ ખડકી, જુમ્મા મસ્જિદ, તેમજ વાંતા સહિતના વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગ કરી વિસ્તારનો ચિતાર મેળવ્યો હતો. ફૂટ પેટ્રોલિંગને લઈ નગરજનોમાં કુતુહલ સર્જાયું હતું. ઉલ્લેખનીય છે કે તહેવારને અનુલક્ષી પોલીસે શાંતિસમિતિની બેઠક પણ યોજી હતી અને આગેવાનોને શાંતિમય માહોલમાં પર્વની ઉજવણી કરવા વિશેષ અપીલ કરી હતી. ધાર્મિક લાગણી દુભાઈ તેવી પોસ્ટ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવાની ચેતવણી અપાઈ છે.

**DATE: 17/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ટ્રક સહિત પોલીસે 21 લાખનો જપ્ત કરી પોલીસે બૂટલેગરોની શોધખોળ આરંભી

# ભરૂચની આશીર્વાદ હોટલના કંપાઉન્ડમાંથી 11 લાખનો દારૂ ભરેલી ટ્રક બિનવારસી મળી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

નેશનલ હાઈવે નંબર 48 પર ભરૂચથી નબીપુર જવાના ટ્રેક પર આવેલી એક હોટલના સંકુલમાંથી એલસીબીની ટીમે 11 લાખની મત્તાનો વિદેશીદારૂ ભરેલી ટ્રક બિનવારસી હાલતમાં ઝડપી પાડી હતી. ટીમે દારૂ તેમજ ટ્રક મળી 21 લાખનો મુદ્દામાલ જપ્ત કરી નબીપુર પોલીસ મથકે અજાણ્યા બુટલેગરો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસ શરૂ કરી છે.

ભરૂચ એલસીબીમાં ફરજ બજાવતાં હેકો ગણપતસિંહ તેમજ હેકો કિશોરસિંહને ચોક્કસ બાતમી મળી હતી કે, નેશનલ હાઈવે નંબર 48 પર ભરૂચથી નબીપુર જવાના રોડ પર આવેલી આશિર્વાદ હોટલના કંપાઉન્ડમાં એક બંધ બોડીનો આયશર ટેમ્પો પડેલો છે. જેમાં વિદેશીદારૂનો જથ્થો ભરેલો છે. જેથી તેમણે ટીમ સાથે તુરંત સ્થળ પર દરોડો પાડ્યો હતો. તેમણે બાતમી મુજબની ટ્રકના ડ્રાઈવર કેબીનમાં તપાસ કરતાં તેમાં ડ્રાઈવર ન હોવાનું જણાયું હતું. જેથી તેમણે ખાનગીરાહે પણ ડ્રાઈવરની તપાસ કરી હતી. જોકે, ડ્રાઈવરની કોઈ વિગત ન મળતાં તેમણે ટ્રકમાં તલાશી લેતાં તેમાં વિદેશીદારૂ તેમજ બિયરના ટીનના 356 બોક્ષ મળ્યાં હતાં. જેમાં કુલ 11 લાખની મત્તાની દારૂ-બિયરની 8,412 બોટલ-ટીન મળી આવતાં તમામ જથ્થો તેમજ ટ્રક મળી કુલ 21 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તેમજ નબીપુર પોલીસ મથકે ટ્રકનો ફરાર ડ્રાઈવર તેમજ દારૂ મોકલનાર અને મંગાવનાર શખ્સ વિરૂદ્ધ ગુનો નોંધી તેમને શોધવાના ચક્રો ગતિમાન કર્યાં છે.

# બાકરોલ બ્રિજ પરથી ફોન આંચકી લેનાર કોસંબાનો તસ્કર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ગત 2 ડિસેમ્બર 2023 ના રોજ અંકલેશ્વરથી સુરત તરફ જતા રોડ પર બાકરોલ બ્રિજ પાસે ઝકવાન અહમદ ઈસ્માઈલ તરકી મોપેડ લઈ પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન અજાણ્યા ઈસમ પાછળથી બાઈક લઈ આવી તેમનાપાસે રહેલ 66 હજાર રૂપિયાનોમોબાઈલ આંચકી ફરાર થઈ ગયા હતા જે અંગે પાનોલી પોલીસ દ્વારા ગુનો નોંધી તપાસ શરુ કરી હતી.દરમિયાન મોબાઈલ ચાલુ થતા જ પોલીસે મોબાઈલ ટ્રેસીંગ કરી કોસંબા ખાતે દાદરી ફળીયામાં રહેતા રીઢા મોબાઈલ ચોર તનવીર અહમદ ઉર્ફે તામીર અબ્દુલ કૈયુમ શેખને ઝડપી પાડ્યો હતો. પ્રાથમિક તપાસ માં કોસંબા પોલીસમથકમાંતેના વિરુદ્ધ ચોરી અને મારમારી ના 6 થી વધુ ગુના નોંધાયેલા છે. મોબાઈલ ચોર અન્ય મોબાઈલ સ્નેચીંગમાં સંડોવણી છે કે કેમ તે અંગે પોલીસ દ્વારા તપાસ શરુ કરી હતી.

### વાહનો તથા દારૂ મળી કુલ 1.66 લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો

# નેત્રંગના મોતિયાના જંગલમાંથી રિક્ષા અને સ્કૂટર પર દારૂ લઈ જતાં 3 ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | નેત્રંગ

નેત્રંગ તાલુકાના મોતિયા ગામના જંગલમાંથી પસાર થતા રોડ પરથી સ્કુટર અને રીક્ષામાં લઈ જવાતા ભારતીય બનાવટના વિદેશી દારૂના જથ્થા સાથે પોલીસે ત્રણ ઈસમોને ઝડપી લઈને કુલ રૂપિયા 1.66 લાખનો મુદ્દામાલ કબજે લીધો હતો. પોલીસને પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી કે ડેડીયાપાડા તરફથી એક સ્કુટર અને એક રીક્ષામાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ લઈને 3 બૂટલેગરો આવી રહ્યા છે આ વિદેશી દારૂ લઈ અંકલેશ્વર તરફ જવાના છે. પોલીસને મળેલ બાતમીના આધારે મોતિયાના જંગલમાંથી પસાર થતા રસ્તા પર વોચ ગોઠવી હતી અને બાતમી મુજબનું સ્કુટર અને રીક્ષા આવતા તેમને રોકીને તપાસ કરતા આ વાહનોમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ઘટના સ્થળેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની 221 બોટલ, ટીવીએસ જ્યુપીટર સ્કુટર નંગ 1,રીક્ષા નંગ 1 તેમજ મોબાઈલ નંગ 3 મળીને કુલ રૂપિયા 1.66 લાખનો મુદ્દામાલ કબજે લીધો હતો. વિદેશી દારૂની હેરાફેરી કરતા ત્રણ બૂટલેગરો વિષ્ણુ વસાવા , પ્રકાશ વસાવા અને મયુર પરમાર ત્રણેય રહે દીવા તા.અંકલેશ્વર જિ.ભરૂચના વિરૂધ્ધ પ્રોહિબિશન હેઠલ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 17/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

### રાજસ્થાનના કોટાથી ટ્રેનમાં બેસી આરોપી મુંબઇ જતો હોવાની બાતમી હતી

# અંકલેશ્વરના ઉદ્યોગપતિ સાથે 25 લાખની છેતરપિંડી કરનાર ઠગ વડોદરાથી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના ઉદ્યોગકાર સાથે ત્રણ અલગ અલગ કંપનીઓમાંથી કેમિકલ મંગાવીને 96 લાખથી વધુની ઠગાઈ કરવામાં આવી હતી. આ કેસમાં એક આરોપીને પોલીસે ઝડપી પાડયો છે.મહારાષ્ટ્રના થાણેની શુભમ એન્ટરપ્રાઈઝ, દહિસર ની એસ.કે. ફાર્મા ઈન્ડસ્ટ્રીઝ અને ઉત્તરાખંડની મેડિકો ફાર્મા કંપનીએ અંકલેશ્વરની વંદના કેમિકલ કંપની સાથે ઠગાઈ કરી હતી.ઠગાઇ અંગે જીઆઇડીસી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા તપાસ શરૂ કરવામાં આવી હતી. પોલીસની તપાસ દરમિયાન ભેજાબાજ લલિત રામપાલ શર્મા રાજસ્થાન કોટાથી મુંબઈ તરફ આવી રહ્યો હોવાની માહિતી મળી હતી. વડોદરા આરપીએફની મદદથી તેને ઝડપી લેવાયો હતો. આરોપી સામે 25.35 લાખની ઠગાઈનો આરોપ છે. અન્ય બે કંપનીઓ સાથે પણ છેતરપીંડી કરવામાં આવી છે ત્યારે તે કંપનીઓના સંચાલકો સાથે તેની સાઠગાઠ છે કે નહિ તેની તપાસ માટે આરોપીના 3 દિવસના રીમાન્ડ મેળવવામાં આવ્યાં છે. ઉલ્લેખનીય છે કે, શુભમ એન્ટરપ્રાઈઝના લલીત રામપાલ શર્માએ ફરીયાદી પાસેથી 25.35 લાખનું બલ્ક ડ્રગ્સ મંગાવ્યું હતું. અને તેની સામે આપેલો ચેક બાઉન્સ થયો હતો.

**DATE: 17/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### સોશિયલ મીડિયામાં વૈમનસ્ય ફેલાય તેવી પોસ્ટ કરનાર

# ભોલાવના મૌલવી ઝડપી પાડી આમોદમાં ગુનો દાખલ કરાયો

## પશુઓની કતલમાં ગાયનો ઉલ્લેખ કરતાં પગલાં લેવાયાં

। ભરૂચ-જંબુસર ।

સોશિયલ મિડિયામાં પોસ્ટ કરાયેલ "કુરબાનીનો તરીકો" ની પોસ્ટમા મોટા પશુઓની કતલમાં ગાયનો પણ ઉલ્લેખ કરવામાં આવતા દારૂલ ઉલૂમ બરકાતે ખ્વાજા આમોદનુ સંચાલન કરનાર સંચાલક વિરૂધ્ધ આમોદ પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ જિલ્લામાં પોલીસની સાઈબર વોચમાં આગામી બકરીઈદ અનુસંધાને પશુઓની કુરબાની અંગેની સોશિયલ મિડિયામાં કુરબાનીનો તરીકો પોસ્ટ કરી હતી. જેમાં ગાયનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. જેથી આકૃત્ય દારૂલ ઉલૂમ બરકાતે ખ્વાજા આમોદના નેજા હેઠળ સંચાલન કરતા અબ્દુલ રહીમ રાઠોડ રહે. ભોલાવે કર્યુ હોવાનું આમોદના પો.સ.ઈ. આર.એ.અસવારના ધ્યાને આવતાં મૌલવી અબ્દુલ




વૈમનસ્ય ફેલાય તેવી પોસ્ટ કરનાર મૌલવી નજરે પડે છે.

રહીમ રાઠોડને ઝડપી પાડ્યો હતો.

પોલીસે તેની પુછપરછ કરી હતી. જેમાં પોતે પોતાના વોટ્સએપ એકાઉન્ટ મારફ્તે અન્ય સમાજની ધાર્મિક લાગણી દુભાઈ તેવી પોસ્ટ ઘણા ગૃપમાં પોસ્ટ શેર કર્યા અંગેની કબુલાત કરતા તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

**DATE: 17/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### બકરી ઈદ નિમિત્તે પોલીસ દ્વારા તકેદારીના પગલાં

# ભરૂચના સંવેદનશીલ વિસ્તારોમાં ફ્લેગમાર્ચ અને ફૂટ પેટ્રોલિંગ કરાયું

। ભરૂચ ।

બકરી ઈદ ના પર્વ ના દિવસો હોવાના કારણે તકેદારીના તમામ પ્રકારના પગલા જિલ્લા પોલીસ વડા મયૂર ચાવડાના માર્ગદર્શન હેઠળ લેવામાં આવ્યાં હતાં.

બકરી ઈદનો તહેવાર શાંતિમય રીતે અને કોમી એખલાસના વાતાવરણમાં યોજાય અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુસર ભરૂચ જિલ્લા પોલીસ અધીક્ષક મયુર ચાવડાએ જિલ્લાના અલગ-અલગ પોલીસ સ્ટેશન વિસ્તારોમાં ફ્લેગમાર્ચ તેમજ ફુટપેટ્રોલીંગ કરવા આપેલ સુચનાઓ આધારે, ભરૂચ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના સંવેદનશીલ વિસ્તારમાં ફ્લેગમાર્ચ તેમજ ફૂટપેટ્રોલિંગનું આયોજન કરવામાં આવેલ હતું.

આ ફ્લેગમાર્ચમાં અંદાજિત ૪૫ વાહનો સાથે પોલીસ અધિકારી તથા પોલીસ કર્મચારીઓ હાજર રહ્યા હતા. તા.૧૭ના રોજ બકરી ઈદ તહેવાર અનુસંધાને ભરૂચ જિલ્લા પોલીસ દ્વારા તકેદારીના ભાગરૂપે ચુસ્ત બંદોબસ્ત જાળવવામાં આવશે તેમજ સોશિયલ મિડિયા ઉપર કરવામાં આવતી પોસ્ટ પણ વોચ રાખવામાં આવશે. પોલીસ તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે કે ધાર્મિક લાગણી દુભાય કે વૈમનસ્ય ફેલાય તેવી કોઈ પોસ્ટ સોશિયલ મીડિયા પર શેર કરવી નહિ. કોઈ ગેરકાયદેસર કૃત્ય જણાય આવે તો પોલીસ કંટ્રોલરૂમ પર તાત્કાલિક જાણ કરવા જણાવાયું છે

**DATE: 17/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

### કતલ કરવાના ઈરાદે રાખેલા ૧૭ ગૌવંશ બચાવાયા

# ભરૂચ તાલુકાના વરેડિયામાં કતલ માટે લઈ જવાતું ગૌવંશ ઝડપાયું

### તમામ પશુને પાંજરાપોળ ખાતે મોકલી ચારની અટકાયત કરાઈ

। ભરૂચ ।

ભરૂચ તાલુકાના દયાદરા તથા મનુબર ગામે તેમજ પાલેજ પાસેના વરેડીયા ગામે કતલ કરવાના ઈરાદે રાખેલ ગૌ-વંશ પશુ કુલ-૧૭ના જીવ બચાવી ચાર આરોપીઓની અટકાયત કરી ભરૂચ પોલીસે આગળની કાર્યવાહી કરી હતી.

ભરૂચ તાલુકા પો.સ્ટેશન વિસ્તારમાં દયાદરા ગામે રહેતા ઉસ્માન દાઉદ ભાયજીએ તેના ઘરની બાજુની અડારીમાં કતલ કરવાના ઈરાદે ગાયો યુનુશભાઈ મોઢી પારખેતવાળાએ લાવી આપતા ગાયો નંગ-૨ તથા બળદ નં-૧ મળી કુલ ચાર ગૌ-વંશ કિંમત રૂા.૩૨,૦૦૦ને કરજણ પાંજરાપોળ ખાતે મોકલી આપ્યા છે. એક આરોપી પોલીસ પંચોની રેઈડ જોઈ સ્થળ ઉપરથી નાસી ગયો હતો. જેથી ભરૂચ રૂરલ પોલીસ મથક ખાતે ગુનો નોંધવામાં આવ્યો છે.



કતલ કરવાના ઇરાદે પશુ રાખનાર ચાર આરોપી ઝડપાયા હતા.

તેમજ મનુબર ગામે ગરમીયા વગામાં તબેલાની પાછળના ભાગે રેઈડ કરતા બિનઅધિકૃત રીતે કતલ કરવાના ઈરાદે ટુંકા દોરડાથી ગળે ફાંસો આવેલી હાલતમાં ક્રુરતાપુર્વક એક ગાય તથા વાછરડાઓ તથા વાછરડી મળી આઠ ગૌવંશ ગીચોગીચ બાંધેલ મળી આવતા. જેમા ગાય નં-૧, વાછરડા નંગ-૫, વાછરડી નંગ-૨ મળી કુલ રૂા.૪૭૦૦૦ ભરૂચ પાંજરાપોળ ખાતે મોકલ્યાં છે. જે અંગે પણ પોલીસે ગુનો નોંધ્યો છે.

આ ઉપરાંત પાલેજ પો. સ્ટેના પોલીસ ઈન્સ્પેકટર એસ. એમ. દેસાઈને મળેલ બાતમી આધારે વરેડીયા ગામે રહેતા નઝીરમુસા દુધવાલા (કાબલીવાલા)એ તેઓના ઘરે ગૌ-વંશ બિનઅધિકૃત રીતે કતલ કરવાના ઈરાદે ટુંકા દોરડાથી ગળે ફાંસો આવેલ તે રીતે ક્રુરતાપુર્વક બાંધેલ મળી આવતા. જેમા વાછરડી નં-૨, વાછરડા નંગ-૩ મળી કુલ કિ. રૂા.૨૨,૦૦૦ને કરજણ પાંજરાપોળ ખાતે મોકલી આપી ગુનો દાખલ કરાયો છે. આમ બકરીઈદ અગાઉ પોલીસે ૧૭ મુંગા પશુ બચાવ્યાં હતાં.

**DATE: 18/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

10 વર્ષીય સગીરાને બાર્બર શોપમાં નોકરી કરતો યુવાન ભગાડી ગયો હતો

# અમદાવાદથી અપહ્યુત સગીરાને પોલીસે અંકલેશ્વરથી મુક્ત કરાવી

## યુવક આઇસ ફેક્ટરીમાં નોકરી કરતો અને પત્ની તરીકે રાખતો હતો

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

અમદાવાદના કૃષ્ણનગરમાંથી તા.26 જૂન 2023 ના રોજ 10 વર્ષની કિશોરી રહસ્યમય રીતે ગુમ થઇ ગઈ હતી. જો કે તે જ સમયે તેમના ઘરની સામેની બાર્બર શોપમાં નોકરી કરતો અંકુર શર્મા(19) નામનો યુવક પણ ગુમ થઈ ગયો હતો. .જો કે કિશોરી કે અંકુરની કોઈ ભાળ નહીં મળતા હાઈકોર્ટમાં હેબીયર્સ કોપર્સ કરવામાં આવી હતી. જેના આધારે તપાસ ક્રાઈમ બ્રાંચને સોંપવામાં આવી હતી. પોલીસને એવી માહિતી મળી હતી કે, અંકલેશ્વર જીઆઈડીસીની એક આઈસ ફેકટરીમાં એક છોકરો નોકરી કરે છે,તે એક કિશોરી સાથે રહે છે. આ માહિતીના આધારે પોલીસે ગુપ્ત રીતે તપાસ કરી હતી. જેમાં અંકુર મળી આવ્યો હતો. જેથી તેના ઉપર એક અઠવાડિયા સુધી વોચ ગોઠવીને તેને પકડી લીધો હતો. જ્યારે તેની પૂછપરછ કરતા કિશોરી તેના ઘરે જ હોવાનું જણાવતા પોલીસે તેને પણ મુક્ત કરાવી હતી. હાલ તો અમદાવાદ ક્રાઈમ બ્રાંચ બંનેની વધુ પૂછપરછ કરી રહી છે.



### સવારે અંકુર કિશોરીને ઘરમાં પૂરીને નોકરી જતો હતો

અંકુર આ કિશોરીને પત્નીની જેમ જ રાખતો હતો. સવારે નોકરી જતી વખતે તે કિશોરીને ઘરમાં પુરીને જતો હતો. 10 કલાકની નોકરી પૂરી કરીને ઘરે આવ્યા બાદ તેની સાથે જમતો હતો અને ત્યારબાદ તેને બહાર ફરાવવા પણ લઈ જતો હતો. આટલું જ નહીં તેની સાથે દૂષકર્મ પણ કરતો હતો.

### દવા છાંટવાના બહાને તેમજ બરફ ખરીદવાના બહાને પોલીસ ફેક્ટરીમાં જતી હતી

અંકુર મહેન્દ્રભાઈ શર્મા(19) અંકલેશ્વર જીઆઈડીસીની આઈસ ફેક્ટરીમાં નોકરી કરતો હોવાની માહિતી મળતા પોલીસની ટીમ પહેલી વખત મ્યુનિ.કોર્પો.ની ટીમના સ્વાંગમાં દવા છાંટવાના બહાને ફેક્ટરીમાં ગઈ હતી. ત્યારબાદ મેલિરિયા - ટાઈફોઈડની બીમારીના સર્વેના બહાને ગઈ હતી. ત્યારબાદ અંકુરને ઉઠાવી લીધો હતો.

**DATE: 18/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### કરારવેલના સતીષ સામે રાજયમાં 27 ગુના નોંધાયેલાં છે

# ભરૂચ જિલ્લાના આઠ ગુનામાં નાસતો ફરતો બૂટલેગર ઝબ્બે

ભાસ્કરન્યૂઝ।અંકલેશ્વર

રાજ્યભરમાં પ્રોહિબીશનના 27 ગુનાઓ નોંધાયેલાં છે તેવા કુખ્યાત બુટલેગરને ભરૂચ એલસીબીએ તેના ઘરેથી જ ઝડપી પાડયો છે. આરોપી ઝગડીયાના 3, અંક્લેશ્વર શહેર એ ડિવિઝનના બે, ફરલમાં બે અને ભરૂચ શહેર એ ડિવિઝનના એક ગુનામાં વોન્ટેડ હતો.તેની સામે ભરૂચ, સુરત, વાપી અને વડોદરામાં 27થી વધુ પ્રોહિબિશનના ગુના નોંધાયા છે.ઝગડીયા,ભરૂચ અને અંક્લેશ્વર તાલુકામાં 8 થી વધુ ગુનામાં નાસતા ફરતાં કુખ્યાત બુટલેગરસતીશ ઉર્ફે સતલો વસાવાને ઘણા સમયથી પોલીસ શોધી રહી હતી. એલસીબીના પીએસઆઇ ડી.એ.તુવરને બાતમી મળી હતી કે, સતીષ તેના કરારવેલ ખાતેના નિવાસે આવ્યો છે તેથી દરોડો પાડી તેને ઝડપી લેવાયો હતો. આરોપી સામે વડોદરા અને કરજણ થી લઈ વાપીના ભીલાડ પોલીસ મથક સુધીમાં 4 જિલ્લામાં2013 થી 2022 સુધી 27 જેટલા પ્રોહિબિશનના ગુના નોંધાયેલા છે.

**DATE: 18/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ભરૂચ પોલીસે 50 હજાર રોકડા સહિત 2.17 લાખનો મુદ્દામાલ કબજે લીધો

# નાગોરીવાડમાં ઘરમાં ચાલતા અડ્ડા પર દરોડામાં 7 જુગારીયા ઝડપાયા

ભાસ્કરન્યૂઝ|ભરૂચ

ભરૂચના મોટા નાગોરીવાડ વિસ્તારમાં રહેતો જેનુલઆબેદીન અબ્દુલરહેમાન મસીદીયા પોતાના ઘરમાં જ બહારથી માણસો બોલાવી જુગાર ખાનું ચલાવતો હોવાની ચોક્કસ બાતમી બી ડિવિઝન પોલીસને મળી હતી. જેના પગલે ટીમે તેના ઘરે દરોડો પાડ્યો હતો. પોલીસે મકાનને ચારેય તરફથી ઘેરી લીધાં બાદ મકાનના ઓસરીના ભાગે બે દરવાજા હોઈ બન્ને દરવાજે પોલીસની ટીમે અંદર પ્રવેશ કરતાં ત્યાં કેટલાંક શખ્સો જુગાર રમી રહ્યાં હોઈ પોલીસે તમામને ઝડપી પાડી તેમના નામઠામ પુછતાં તેમણે પોતાના નામ જેનુલઆબેદીન અબ્દુલરહેમાન મસીદીયા, મોહંમદ નજીર મોહંમદ હનીફ શેખ, રાજેશ જયંતિ કટારિયા, દીપક મનુ વસાવા, મોહંમદ ઈસ્માઈલ મોહંમદ ઈસરાઈલ શેખ, આસીફ નબી શેખ તેમજ નિઝામુદ્દીન ઈબ્રાહિમ ખાંધીયાને ઝડપી પાડ્યાં હતાં. ટીમે અંગઝડતીના તેમજ દાવપરના મળી કુલ 50 હજારથી વધુની રોકડ રકમ તેમજ ઘરની બહાર પાર્ક કરેલી 2.17 લાખની મત્તાની 5 બાઈક મળી કુલ 3.17 લાખનો મુદ્દામલ જપ્ત કર્યો હતો. બનાવ સંદર્ભે બી ડિવિઝન પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 18/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# અંકલેશ્વરમાં બે સ્થળેથી દારૂ જપ્ત

ભાસ્કર ન્યૂઝ । અંકલેશ્વર

જીતાલી ગામની સિલ્વર સિટીમાં રહેતો ધીરજસિંગના ઘરે દરોડામાં દારૂની 33 બોટલ મળી આવી હતી જેથી તેની ધરપકડ કરવામાં આવી છે. બીજી તરફ પંચાતીબજાર માં રહેતા મહેશ વસાવા સજોદ તરફથી મોપેડ પર દારૂ લઈ આવી રહ્યો છે. જે માહિતી આધારે સેફરોન કોમ્લેક્સનજીક પોલીસ વોચ ગોઠવી તેને દારૂની 47 બોટલ સાથે ઝડપી લેવાયો હતો. પોલીસે કુલ 4700 રૂપિયાનો દારૂ નો જથ્થો જપ્ત કરી વધુ તપાસ શરુ કરી હતી.

**DATE: 18/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

### 90 હજારની કિંમતની 900 બોટલો જપ્ત કરવામાં આવી

# નેત્રંગના ફિચવાડા ગામમાંથી વિદેશી દારૂના જથ્થા સાથે બૂટલેગર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | નેત્રંગ

ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકાના છેવાડાના ફિચવાડા ગામેથી લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે વિદેશી દારૂનો જથ્થો ઝડપી લીધો હતો. પીએસઆઈ એમ.એમ.રાઠોડ તેમની ટીમ સાથે નેત્રંગ તાલુકામાં પેટ્રોલીંગમાં હતા તે અરસામાં તેમના બાતમીદારથી બાતમી મળેલ ફિચવાડા ગામે રહેતા નરેશ કરણ વસાવાના સસરા સોમા કરમસીંગ વસાવાના ઘરની પાછળના ભાગે આવેલ અડાળીમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડેલ છે. એલસીબીની ટીમને મળેલ બાતમીના આધારે ફિચવાડામાં રેઈડ કરતા ઘરની પાછળ આવેલ અડાળીમાં સંતાડી રાખેલ વિદેશી દારૂની 900 નંગ બોટલો જેની કિંમત રૂપિયા 90 હજારની મળી આવી હતી. એલસીબીએ મુદ્દામાલ કબજે લઈને દારૂનો જથ્થો મંગાવીને સંતાડી રાખનાર નરેશ કરણ વસાવા રહે.પટેલ ફળીયુ ફિચવાડા તા. નેત્રંગ જિ.ભરૂચનાને વોન્ટેડ જાહેર કરીને તેના સસરા સોમા કરમસીંગ વસાવા રહે. હનુમાન ફળીયુ ફિચવાડાને પકડી લઈને આગળની કાર્યવાહી માટે નેત્રંગ પોલીસ મથકે મુદ્દામાલ અને બુટલેગરને સોંપી ગુનો નોંધાવ્યો હતો. ભરૂચ એસપી મયુર ચાવડાના માર્ગદર્શન હેઠળ પોલીસની ટીમ બુટલેગરો સામે કડક કાર્યવાહી કરી રહી છે.

**DATE: 18/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### ૩ બનાવમાં રૂા. ૪.૫૬ લાખનો મુદ્દામાલ જપ્ત

# ભરૂચ જિ.માં દેશી-વિદેશી દારૂની બદી સામે પોલીસની લાલ આંખ

### ત્રણ બૂટલેગરની અટકાયત તેમજ પાંચ બૂટલેગર વૉન્ટેડ

ભરૂચ

ભરૂચ સિટી પોલીસ એ ડિવિઝન દ્વારા બૂટલેગરો સામે લાલ આંખ કરવામા આવતા ત્રણ જુદાજુદા બનાવોમા આશરે રૂ ૪.૫૬ લાખનો મુદામાલ જપ્ત કરવામાં આવ્યો હતો અને ૩ બૂટલેગરોની અટકાયત કરવામાં આવી હતી તેમજ ૫ બૂટલેગરો વોન્ટેડ જાહેર કર્યા હતા

એક બનાવમાં શહેર રેલ્વે ગોદી રોડ પરથી બે ઈસમોને દારૂના મુદામાલ સાથે ઝડપી પાડ્યા હતા. જ્યારે બીજા બનાવમાં ભૃગુરૂષી બ્રીજ ઉપરથી ઈનોવા કારમાં એક ઈસમને દેશી દારૂ સાથે ઝડપી પાડયો હતો. ત્રીજા બનાવમાં મનુબર ગામના માર્ગ પાસેથી મળેલ બાતમીના આધારે ભરૂચ ગ્રામ્ય પોલીસે રિક્ષામા વહન થતો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડયો હતો પોલીસે રૂ ૫૬ હજાર કરતા વધુ ની કિંમતનો મુદામાલ જપ્ત કરી ૧ આરોપીને વોન્ટેડ જાહેર કર્યા હતો

એ ડિવિઝન ના પીએસઆઈ ડી.એન.ઝાલાની ટીમને બાતમી મળી હતી કે,સોયેબ ઉર્ફે કાળીયો નાનો ઈંગ્લિશ દારૂનો મુદ્દામાલ લઈ ગોદી રોડ ઉપર કોઈને ડીલીવરી કરવા ઉભો છે. પોલીસે રેડ કરતા સોયેબ ઉર્ફે કાળિયો ઈલ્યાસભાઈ પટેલ અને પંકજ ભરતભાઈ ગોહિલને ઝડપી પાડ્યા હતા. તેમની પાસે રૂી.૪૦,૩૨૦નો દારૂ મળી આવ્યો હતો. જ્યારે રફિક રાજ અને નિયામતઅલી ઉર્ફે મુન્નો અહેમદબાપુ રાજને વોન્ટેડ જાહેર કર્યા છે.

અન્ય એક બનાવમાં ઈનોવા ગાડી માં દેશી દારૂનો જથ્થો ભરી શક્તિનાથ તરફ આવનાર હોવાની પોલીસ ટીમને બાતમી મળી હતી. જેથી ગાડી ભૃગુરૂષી બ્રિજ ઉપરથી કોર્ટ રોડ તરફ આવતા ગાડીને કોર્ડન કરી પકડી પાડી હતી. જેમાં તલાસીલેતા દેશી દારૂ લિટર-૮૦૦ મળી આવ્યો હતો. જેથી પોલીસે કુલ રૂ.૧૬,૦૦૦ હજારનો દેશી દારૂ મળી કુલ રૂા.૩,૨૧,૦૦૦ નો મુદ્દામાલ સાથે અરવિંદ ઉર્ફે ભોલો અંબુભાઈ વસાવાને ઝડપી પાડ્યો હતો. જ્યારે રાજુ રાઠોડ,ભાવેશ મકવાણા અને ભરત બબુ વસાવાને વોન્ટેડ જાહેર કર્યા છે.

થામ અને મનુબર જતા રોડ ઉપર એક રીક્ષામાં ઈંગ્લીશ દારૂ ભરી મનુબર ગામ તરફ લઈ આવે છે. જેબાતમી આધારે મનુબર ગામ તરફ બાતમી મુજબની એક રીક્ષા તેને રોકી તપાસ કરતાં રીક્ષાની પાછળની શીટના ભાગે વિદેશી દારૂકિ.રૂ. ૨૬,૫૦૦નો વિદેશી દારૂ જપ્ત કરવામાં આવ્યો હતો. રિક્ષા સાથે રૂ ૫૬,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ચાલકને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે.

**DATE: 18/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

મુસ્લિમ બિરાદરોએ એક બીજાને શુભેચ્છાઓ પાઠવી

# ભરૂચમાં શાંતીપૂર્ણ માહોલમાં બકરી ઈદ પર્વની ઉજવણી કરાઈ

## મુસ્લિમ બિરાદરોએ દુકાનો બંધ રાખતા બજાર પર થઈ અસર

। ભરૂચ ।

ભરૂચ પંથકમાં શાંતીપૂર્ણ વાતાવરણમાં બકરી ઈદનો પર્વ ઉજવાયો હતો. અન્ય ધર્મના લોકોએ તેમજ મુસ્લિમ બિરાદરોએ એક બીજાને ઈદના પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી

ભરૂચ નગર અને આસપાસના વિસ્તારોમાં કેટલાક દિવસોથી બકરી ઈદનુ વાતાવરણ છવાઈ ગયું હતુ. ભરૂચ નગરના મહમદ પૂરા વિસ્તારના બકરા બજાર તેમજ જિલ્લાના અન્ય બકરા બજારોમાં ગ્રાહકોની ભીડ જણાઈ હતી. મુસ્લિમ બિરાદરો બકરા ખરીદી તેને પોતાના ઘરે લઈ જઈ બકરી ઈદના દિવસે તેની કુરબાની આપવામાં આવે છે. બકરી ઈદનો પર્વ ત્યાગ અને બલિદાનનો પર્વ છે ત્યારે ભરૂચ નગર અને જિલ્લામાં બકરીઈદનો પર્વ શાંતિભર્યા વાતાવરણમાં ઉજવવામાં આવ્યો હતો. મુસ્લિમ બિરાદરોએ એક બીજાને અને અન્ય ધર્મના લોકોએ મુસ્લિમ બિરાદરોને ઈદની મુબારકબાદી આપી હતી. ભરૂચ જિલ્લા પોલીસ વડા મયૂર ચાવડાના માર્ગ દર્શન હેઠળ ચુસ્ત અને ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

### અંકલેશ્વરમાં ઈદ-ઉલ-અજહાની ઉજવણી

અંકલેશ્વર : અંકલેશ્વર શહેર અને તાલુકામાં મુસ્લિમ સમાજના લોકોએ વહેલી સવારે ઊઠીને સૌપ્રથમ ફજરની નમાઝ અદા કરી હતી ત્યાર બાદ ઇદના દિવસે પઢવામાં આવતી વિશેષ ઇદની નમાઝ અદા કરવામાં આવી હતી અને એકમેકને ઈદના પર્વની શુભકામના પાઠવી હતી. મક્કાની વાર્ષિક હજ યાત્રા ઈદ-ઉલ-અજહાના દિવસે સમાપ્ત થાય છે.

**DATE: 18/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

# અંકલેશ્વરમાં લેન્ડ ગ્રેબિંગના ગુનામાં વોન્ટેડ આરોપી ઝડપાયો

અંકલેશ્વર,તા.૧૭

અંક્લેશ્વર એ ડીવિઝન પોલીસ મથકે અગાઉ નોંધાયેલ લેન્ડ ગ્રેબિંગના ગુનામાં નાસતા ફરતા આરોપીને ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઝડપી પાડ્યો હતો.

ભરૂચ એલ.સી.બી.ની ટીમ અંક્લેશ્વર શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન બાતમી મળી હતી કે, અંકલેશ્વર એ ડિવિઝન પોલીસ મથકમાં વર્ષ ૨૦૨૨માં લેન્ડ ગ્રેબિંગ અન્વયે ગુનો નોંધ્યો હતો. જેનો વોન્ટેડ આરોપી આલ્બેટ વિનોદભાઈ બારીયા તેના આદિનાથ સોસાયટીના ઘરમાં હાજર હોવાની બાતમીના આધારે પોલીસે રેડ કરી વોન્ટેડ આરોપી આલ્બેટ વિનોદ બારીયાની અટકાયત કરી વધુ કાયદેસરની કાર્યવાહી અર્થે અંકલેશ્વર એ ડિવિઝન પોલીસને સોંપ્યો હતો.

**DATE: 19/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

## આમોદની મદ્રેસાના મૌલવીએ વિવાદિત પોસ્ટ મૂકી હતી

# ગાયની કુરબાનીવાળી પોસ્ટ બનાવનાર મદ્રેસાના ઉપપ્રમુખની પણ ધરપકડ

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

આમોદમાં આવેલી બરકાતે ખ્વાજા મદ્રેસાના મૌલવી અબ્દુલ રહીમ જીબાવા રાઠોડે તેમના મોબાઈલથી સોશિયલ મિડીયામાં કુરબાનીનો તરીકો નામની પોસ્ટ મુકી હતી. જેમાં પશુઓની કુરબાની આપવાની પદ્ધતિ સમજાવવામાં આવી હતી. જોકે, પશુઓના નામોમાં ગાયનો પણ ઉલ્લેખ કરાયો હોઈ હિન્દુ તેમજ અન્ય ધર્મના લોકો પ્રત્યે નફરત પેદા થાય



તેમજ હિન્દુ સમાજની લાગણી દુભાય અને હિન્દુ - મુસ્લીમ કોમો વચ્ચે વયમનસ્ય ઉભું થાય અને કોમી અશાંતી ફેલાય તેવી સંભાવનાને પગલે મૌલવી અબ્દુલ રહીંમ જીબાવા રાઠોડ વિરૂદ્ધ પોલીસે ગુનો નોંધ્યો હતો. મામલાની તપાસ ભરૂચ સ્પેશિયલ ઓપરેશન ગૃપના પીઆઈ એ. એ. ચૌધરીને સોંપવામાં આવતાં ટીમે તેમના ઘરે તેમજ મદ્રેસામાં પણ ચેકિંગ કર્યું હતું. તેમણે વાયરલ કરેલી પોસ્ટ તેમને કોણે બનાવી આપી તે અંગેની તપાસ કરતાં બરકાતે ખ્વાજા મદ્રેસાના ઉપપ્રમુખ શબ્બીર અલી પટેલ (રહે. પટેલ સ્ટ્રીટ, દયાદરા)એ તેમને મેસેજ બનાવી આપ્યો હોવાનું તપાસમાં ખુલતાં ટીમે તેમની પણ ધરપકડ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 19/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

### પાનોલી જીઆઇડીસીમાં હોવાની બાતમી મળી હતી

# અંકલેશ્વરમાં ઘરફોડ ચોરીમાં નાસતો ફરતો આરોપી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ઘરફોડ ચોરી માં છેલ્લા 6 મહિના થીફરાર ચોર ને એલસીબી પોલીસે ઝડપી પાડ્યો હતો. એલસીબી પી.આઈ. એમ.પી.વાળા ના માર્ગદર્શન હેઠળ એલસીબી પોલીસની ટીમ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલીંગમાંહતી તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી. કે અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ મથક માં2023માં નોંધાયેલ ચોરી નો આરોપી વિકાસ ઉર્ફે ટેનીકુશવાહા પાનોલી જીઆઈડીસી માં ફરી રહ્યો છે. મૂળ યુપી નો વિકાસ કુશવાહા પોલીસ ધરપકડથી બચવા છેલ્લા 6 મહિનાથીનાસતોફરતો હતો. જે અંગે મળેલી ચોક્કસ માહિતી આધારે અંતે એલસીબી પોલીસ એ પાનોલી જીઆઈડીસીમાંથી આરોપીન • ઝડપી પાડ્યો હતો. અને સી.આર.પી.સી 70 મુજબ વોરંટ ના આરોપીને જીઆઈડીસી પોલીસના હવાલે કર્યો હતો.

**DATE: 19/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### વાલિયા ચોકડી પાસે ઉભો હોવાની બાતમી હતી

# ગુંદીયા ગામના વિશ્વાસઘાતના શખ્સને પોલીસે ઝડપી પાડ્યો

ભાસ્કર ન્યૂઝ | વાલિયા

ગુંદીયા ગામના એક ઈસમે છ મહિના પહેલા વિશ્વાસઘાત કરેલો જે બનાવનો ગુનો વાલિયા પોલીસ સ્ટેશનમાં નોંધાયો હતો ત્યારથી આ ઈસમ ફરાર હતો જેને વાલિયા પોલીસ શોધખોળ કરી રહી હતી પરંતુ હાથે લાગ્યો ન હતો. ભરૂચ એસઓજીએ વાલિયાથી આ ઈસમને ઝડપી પાડી વાલિયા પોલીસને સોપ્યો હતો.

એ.એ. ચૌધરી પીઆઈ એસઓજીએ તેમની ટીમને એ.ટી.એસ. ચાર્ટરની કામગીરી તેમજ જિલ્લાના ફરાર આરોપીઓને પકડી પાડવા આદેશ આપ્યો હતો.આ કામગીરી અંતર્ગત એસ.ઓ.જી. ટીમ વાલિયા પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમાં હતી તે અરસામાં બાતમી મળેલ કે કિરણ વસાવા વાલિયા-ઝઘડીયા ચોકડી ખાતે ઊભેલો છે આ બાતમીના આધારે તપાસ કરતા ગુંદિયા ગામનો કિરણ વસાવાને ઝડપી પાડ્યો હતો.

**DATE: 20/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**



ભરૂચના મઢુલી સર્કલ પાસે બાઇક લઇને જતો યુવાન અચાનક ઢળી પડ્યો હતો

# પોલીસકર્મીએ સીપીઆર આપ્યું, થોડી ક્ષણો માટે ભાનમાં આવ્યો, હોસ્પિટલ પહોંચે તે પહેલાં જ મોત

1. યુવાનને તપાસ્યો

2. સીપીઆર આપવાનું શરૂ

3. મોથી શ્વાસ ચાલું કરવાનો પ્રયાસ

4. રૂમાલથી પવન નંખાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

દેશ સહિત ગુજરાતમાં યુવાવર્ગમાં હદયરોગના હુમલાના બનાવો વધી રહયાં છે ત્યારે ભરૂચમાં એક હદયદ્રાવક કિસ્સો સામે આવ્યો છે. મઢુલી ચોકડી પાસેથી પસાર થઇ રહેલો એક બાઇક ચાલક અચાનક ઢળી પડયો હતો. ઘટનાની જાણ થતાં ચોકડી પર ફરજ પર રહેલાં કોન્સટેબલ તુરંત સ્થળ પર દોડી ગયાં હતાં અને સીપીઆર આપીને યુવાનના હદયને પુનઃ ધબકતું કરવાના પ્રયાસ કરી દીધાં હતાં. થોડી ક્ષણો માટે તે હોંશમાં પણ આવ્યો હતો પણ 108માં સારવાર માટે ખસેડાય તે પહેલાં તેણે દમ તોડી દીધો હતો.

નંદેલાવ વિસ્તારમાં આવેલા મઢુલી સર્કલ પર વિજયસિંહ ગોલ નામના પોલીસ જવાન ટ્રાફીક નિયમન માટેની ફરજ બજાવે છે.ગતરોજ સાંજના તેઓ પોતાના સ્થળ પર ફરજ હાજર હતો.તે સમયે ત્યાંથી મનુભાઈ અરવિંદભાઈ મિશ્રા ત્યાંથી પસાર થઈ રહેલો હતો તે અચાનક બેભાન થઈ નીચે પડ્યો હતો.આ સમય ત્યાં ફરજ પર હાજર પોલીસ જવાન વિજયસિંહ તરત દોડી જઈને પ્રથમ ત્યાં ઉભેલા લોકોને બાજુએ હટાવી કોઇ પણ જાતનો વિલંબ કર્યા વગર બેભાન થઈ ગયેલા યુવકને સીપીઆર આપીને તેનો જીવ બચાવવાની કામગીરીમાં લાગી ગયા હતા. આ યુવકને 108 એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક સારવાર અર્થે ભરૂચની સિવિલ હોસ્પિટલ માં ખાતે ખસેડવામાં આવ્યો હતો.જોકે હાજર તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. મૃતક યુવાનને હદયરોગનો હુમલો આવ્યો હોવાની આશંકા સેવાઈ રહી છે.

**DATE: 20/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**


### નિવૃત્ત પોલીસ કર્મચારીઓના ગ્રૂપનું વધુ એક સેવાકીય કાર્ય, એસપીની ઉપસ્થિતિ

# ભરૂચ પોલીસ હેડક્વાર્ટર્સ મિશ્રશાળામાં છાત્રોને શૈક્ષણિક કિટનું વિતરણ કરાયું

ભાસ્કરન્યૂઝ|ભરૂચ

ભરૂચના પોલીસ હેડક્વાર્ટર ખાતે આવેલી મિશ્ર શાળામાં બાળકોને સેકન્ડ ઈનિંગ રીટાયર્ડ પોલીસ પરિવારના સભ્યો દ્વારા શિક્ષણની કીટ વિતરણનો કાર્યક્રમ જિલ્લા એસપી ની અધ્યક્ષતામાં યોજાયો હતો. જેમાં બાળકોને સ્કૂલ બેગ,કંપાસ બોક્સ અને નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું હતું.

પોલીસ હેડક્વાર્ટર ખાતે આવેલી મિશ્ર શાળામાં બુધવારે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા સંચાલિત શાળા પોલીસ હેડ ક્વાર્ટર મિશ્રશાળા ક્રમાંક 44 માં એસ.પી. મયુરસિંહ ચાવડા અને એલસીબી પીઆઈ મનીષ વાળાની ઉપસ્થિતમાં હાલમાં જ રિટાયર્ડ થયેલા પ્રદિપ મોંઘે અને સેકન્ડ ઈનિંગ રીટાયર્ડ પોલીસ પરિવારના સભ્યો થકી શાળામાં બાળકોને અભ્યાસ અર્થે પ્રોત્સાહિત કરવા અને બાળકોનો ઉત્સાહ વધે તે માટે સ્કૂલ બેગ,કંપાસ બોક્સ અને નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું હતું.જેમાં શાળામાં હાજર વિદ્યાર્થીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.



**DATE: 20/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### કાસદ કેનાલ પાસે પોલીસે વોચ ગોઠવી હતી

# બે લક્ઝુરિયસ કારમાં દેશીદારૂની હેરાફેરી કરતાં 2 ખેપિયા ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ એ ડિવિઝન પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી તે વેળાં ચોક્કસ બાતમી મળી હતી કે, એક ગ્રે કલરની સેન્ટ્રો કાર દેશીદારૂનો જથ્થો ભરીને ઉમરાજ - કાસદ ગામ વચ્ચે આવેલાં કેનાલ વાળે રસ્તેથી જવાની છે. તેમજ તેની આગળ પાછળ અન્ય એક કાર પાયલોટિંગ કરતાં પસાર થનાર છે. જેના પગલે ટીમે ઉમરાજથી કાસદ જવાના રોડ પર કેનાલ પર વોચ ગોઠવી હતી. દરમિયાનમાં બાતમી મુજબની કાર આવતાં બન્ને કારને રોકી પોલીસે પુછપરછ કરતાં એસેન્ટ કારના ડ્રાઈવરનુ નામ પુછતાં તેનું નામ પરેશ ઉર્ફે પલ્લીયો વસાવા (રહે. અમરતપરા) હોવાનું જ્યારે બીજી કારના ડ્રાઈવરનું યોગેશ વસાવા (રહે. અંદાડા) હોવાનું માલુમ પડ્યું હતું. યોગેશની કારમાં થેલામાં કુલ 220 લીટરના બકમ્પર ભરેલાં જણાઈ આવ્યાં હતાં. જે અંગે પુછતાં તેણે જણાવ્યું હતું કે, તેણે પરેશ ઉર્ફે પલ્લીયોના ઘરેથી માલ ભર્યો હતો. જે હવે તેઓ દહેજ રેલવે ફાટક પાસે રહેતાં મગનને તેમજ કડોદરા ગામે રહેતાં ભરતને આપવા જઈ રહ્યાં હતાં.

**DATE: 20/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### આણંદમાં ઝડપેલાં ચોરોએ ગુનો કબૂલ્યો

# અંકલેશ્વરમાં કન્સલ્ટન્સીની ઓફિસમાં ચોરી કરનાર 2 ઝબ્બે

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના રાજકમલ આર્કેડમાં થયેલી 1.77 લાખની રોકડ રકમની ચોરીનો ભેદ ઉકેલાયો છે. આણંદ પોલીસે ઝડપી પાડેલા તસ્કરોએ આ ગુનાની કબુલાત કરતાં તેમને અંકલેશ્વર લાવવામાં આવ્યાં છે. પ્રતિન ચોકડી નજીક આવેલ રાજકમલ આર્કેડમાં ત્રીજા માળે દુર્ગા ફાયર એન્ડ સેફ્ટી કન્સલ્ટન્સીની ઓફિસના મુખ્ય દરવાજાનો નકુચો અને ઈન્ટર લોક તોડી તસ્કરો 1.77 લાખ રોકડ રકમની ચોરી કરી ફરાર થઈ ગયાં હતાં. તાજેતરમાં આણંદ ચોરીના ગુનામાં મૂળ ઉજ્જૈન ખાતે રહેતા બંટીકુમાર રાજપૂત અને પવન ઉર્ફે રાજેશ જયસ્વાલને ઝડપી પાડ્યા હતાં. તેમની પૂછપરછમાં અંકલેશ્વર ખાતે દુર્ગા ફાયર એન્ડ સેફટી કન્સલ્ટન્સીમાં ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. અંકલેશ્વર પોલીસને જાણ કરવામાં આવતાં બી ડિવિઝનની એક ટીમ બંને તસ્કરોનો ટ્રાન્સફર વોરંટથી કબજો લેવા માટે આણંદ પહોંચી હતી અને બંને તસ્કરોને અંકલેશ્વર લાવી વધુ પૂછપરછ કરવામાં આવી રહી છે.

**DATE: 20/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### પથિક સોફ્ટવેરમાં એન્ટ્રી વિષયક ચેકિંગ હાથ ધરતા

# અંકલેશ્વરમાં જાહેરનામાના ભંગ બદલ હોટેલના મેનેજરની ધરપકડ

## રોયલ પેલેસ હોટલમાં ચેકિંગ કરતાં ક્ષતિ ધ્યાનમાં આવી

। અંકલેશ્વર ।

અંકલેશ્વર વિસ્તારમાં જિલ્લા મેજિસ્ટ્રેટ અને કલેક્ટરના જાહેરનામા અનુસાર રોયલ પેલેસ હોટલમાં સંખ્યાબંધ લોકોની પથિક સોફ્ટવેરમાં એન્ટ્રી ન કરાતા મેનેજરની ધરપકડ કરી એસોજીની ટીમે ગુનો દાખલ કર્યો છે.

ભરૂચ જિલ્લામાં અંકલેશ્વર સહિતના વિસ્તારોમાં હોટલ તેમજ ગેસ્ટ હાઉસમાં આવનાર દરેક વ્યક્તિની પથિક સોફ્ટવેરમાં એન્ટ્રી કરવાનું જિલ્લા મેજિસ્ટ્રેટ અને કલેક્ટર દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હોઈ જે જાહેરનામાના ભંગ બદલ ચેકિંગ કામગીરી હાથ ધરવામાં આવે છે. પોલીસ અધિક્ષકની સૂચના અનુસાર આજે અંકલેશ્વર ખાતે આવેલ રોયલ પેલેસ હોટલમાં એસ.ઓ.જીની ટીમે ચેકિંગ કામગીરી હાથ ધરી હતી. જે દરમિયાન રોયલ પેલેસ હોટલમાં તપાસ કરતા મુસાફરોની એન્ટ્રી પથિક સોફ્ટવેરમાં કરવામાં આવેલ ન હોય તપાસ કરતા જાણવા મળ્યું કે માત્ર મુસાફરોની એન્ટ્રી રજીસ્ટર નિભાવ કરવામાં આવતું હોય જે બાબતો ધ્યાને આવતા જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કર્યો હતો. તમામ વિગતો ધ્યાને આવતા આ હોટલના મેનેજર આફતાબ આરીફ કુરેશી (ઉંમર વર્ષ ૨૨) અંકલેશ્વરને પોલીસે ઝડપી લઈ જી.પી. એક્ટ કલમ ૧૩૧ મુજબ ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 20/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-12**

# ક્રાઈમબ્રાન્ચે ચોરીના ગુનામાં ફરાર આરોપીની પાનોલીથી ધરપકડ કરી

અંકલેશ્વર : ભરૂચ એલ.સી.બી.ના પીએસ.આઈ. એમ.એમ. રાઠોડ સહિત સ્ટાફ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી કે અંકલેશ્વર જી.આઈ.ડી.સી. પોલીસ મથકના ઘરફોડ ચોરીના ગુનામાં સંડોવાયેલ આરોપી પાનોલી જી.આઈ.ડી.સી.માં જયપાલની ભંગારની દુકાન ખાતે હાજર છે. આ બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી અને તે દરમીયાન મૂળ યુપી હાલ સારંગપુર ગામની શાંતીનગરમાં રહેતો વિકાશ ઉર્ફે ટેની છુન્નાલાલ કુશવાહાને ઝડપી પાડી તેને અંકલેશ્વર જી.આઈ.ડી.સી. પોલીસ મથકને હવાલે કર્યો હતો. આરોપી મુદ્રા ડેની કંપનીમાં થયેલી ૧.૩૪ લાખના સમાનની ચોરીના ગુનામાં સંડોવાયેલો હોવાનું બહાર આવ્યું છે.

**DATE: 20/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

# અંકલેશ્વરમાં ભંગાર ચોરીના ગુનામાં વોન્ટેડ આરોપી ઝડપાયો

અંકલેશ્વર તા.૧૯

અંકલેશ્વરની મુદ્રા ડેનીમ પ્રા.લી.કંપનીમાં થયેલ ઈલેક્ટ્રિક મોટર ચોરીના ગુનામાં સંડોવાયેલા કુલ ૬ આરોપી પૈકી વધુ એક આરોપીને અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે ઝડપી પાડ્યો હતો. અગાઉ આ ગુનામાં પાંચ આરોપીઓ ઝડપાયા હતા.

## અગાઉ ભંગાર ચોરીના ગુનામાં પાંચ આરોપી પકડાયા હતા

અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ મથકમાં અગાઉ નોંધાયેલા સારંગપુર પોલીસ ચોકીની હદમાંથી રોશનસિંગની ભંગારની દુકાનમાં મુદ્રા ડેનીમ પ્રા.લી.કંપનીમાં થયેલ ચોરીની મોટર નંગ- ૨૭ કુલ રૂ. ૧,૮૯,૦૦૦ તથા લોખંડની મોટર નંગ- ૮ જેની કુલ રૂ. ૨૪,૦૦૦ તથા કોપર વાયર આશરે ૭૫ કિલો જેની રૂ. ૬૦,૦૦૦ , છોલેલા કેબલ વાયર તથા બાળેલા કેબલ વાયર આશરે ૧૩૦ કિલો જેની રૂ. ૩,૯૦૦ નો મળી કુલ રૂ. ૨,૭૯,૯૦૦ રાખેલો હતો. જે ચોરીનો માલસામાન પોલીસમાં પકડાય ગયો હતો. આ ગુનામાં અગાઉ ભરૂચ પેરોલ ફલી સ્કવોર્ડે પાંચ આરોપીને ઝડપી પાડ્યા હતા. આ દરમ્યાન ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચ પોલીસે મૂળ યુપીના એવા વધુ એક આરોપી વિકાશ ઉર્ફે ટેની છુન્નાલાલ કુશવાહાની અટકાયત કરી કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 20/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

# બલદેવાડેમના કિનારે જુગાર રમતા બે જુગારી ઝડપાયા

નેત્રંગ. તા.૧૯

નેત્રંગ પોલીસ સ્ટેશનનો સ્ટાફ તા. ૧૮ ના રોજ નેત્રંગ ટાઉનમાં પ્રોહિબિશન અને જુગારની પ્રવૃત્તાને રોકવા માટે બાઈક ઉપર પેટ્રોલિગમાં હતા.

## અન્ય પાંચ જુગારી ફરાર, ૫૧ હજારનો મુદ્દામાલ જપ્ત

તે સમયે રમણપુરા ગામના પાટીયા પાસે પહોચતા બાતમી મળી કે બલદેવાડેમના કિનારે એક ઝુપડીમા કેટલાક શખ્સો ભેગા મળીને રોકડા રૂપિયાથી હારજીતનો જુગાર રમી રહ્યા છે.

તે જગ્યાએ જઈ છાપો મારતા સ્થળ પરથી (૧) વસંત કનુ વસાવા (૨) અલ્પેશ મોહન વસાવા બંન્ને રહે કુપ તા.નેત્રંગ. બન્નેની અંગઝડતી લેતા રૂ.૬૦૦ તેમજ દાવ પરના રૂ.૮૦૦ મળી કુલ રૂ.૧૪૦૦ તેમજ મોટરસાયકલ નંગ ૫ રૂ. ૫૦,૦૦૦ મળી કુલ રૂ.૫૧,૪૦૦ નો મુદામાલ જપ્ત કર્યો છે. પોલીસને ચકમો આપી ફરાર થયેલા જુગારીયાઓમા (૧) તલસી નગરીયા વસાવા (૨) અરુણ દિનેશ વસાવા બંન્ને રહે કુપ (૩) અરુણ વસાવા રહે બલદવા (૪) સૌરવ રાજુ વસાવા (૫) સંજય મગન વસાવા બંન્ને રહે ટીમરોલીયા નેત્રંગ પોલીસે જુગાર અટકાયત અધિનિયમ એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

**DATE: 21/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-03**

# કોસમડી ગામેથી મહીલા બૂટલેગર ઝબ્બે

**અંકલેશ્વર** | **અંકલેશ્વર** કોસમડી ગામ ખાતે મહિલા દારૂના જથ્થા સાથે ઝડપાઈ જવા પામી હતી. પોલીસે 85 બોટલ દારૂ મળી 8500 ઉપરાંતનો દારૂ નો જથ્થો જપ્ત કર્યો હતો.કોસમડી ગામ ખાતે આવેલ ટેકરી ફળીયા માં રહેતી મહિલા બુટલેગર તેજલ વસાવાના ઘરે દરોડા પાડ્યા હતા. ઘરના પાછળના વાડામાંથી 180 એમ.એલ. દારૂની 85 બોટલનો જથ્થો મળી આવ્યો હતો.

**DATE: 21/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### કોતરવગામાં વાડ તોડવા બાબતે ઝઘડામાં ફાયરિંગ પણ થયું હતું, 4 લોકો ઘવાયા હતાં

# જંબુસરના નોંધણા ગામમાં ભરવાડો વચ્ચે થયેલાં ધિંગાણામાં 13 આરોપીની ધરપકડ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ





જંબુસર તાલુકાના નોંધણા વલીપોર ગામમાં ભરવાડ સમાજના બે જૂથો વચ્ચે કોતરવગામાં કાંટાળી વાડ તોડવા બાબતે હિંસક અથડામણ થઈ હતી.જેમાં મારક હથિયારો ઉછળવાની સાથે ગોળીબાર પણ થયો હતો. બંને જૂથના મળી ચાર લોકોને ઈજા થતાં તેમને સારવાર માટે જંબુસર ખાતે ખસેડવામાં આવ્યાં હતાં. ગોળીબારની ઘટનાની ગંભીરતા પારખી ઉચ્ચ પોલીસ અધિકારીઓએ સ્થળની મુલાકાત લીધી હતી. વેડચ પોલીસ સ્ટેશનમાં બંને પક્ષે સામસામે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. એલસીબી તથા વેડચ પોલીસે આરોપીઓને ઝડપી પાડવાની કવાયત હાથ ધરી હતી. જેમાં છેલા ગમારા, રણછોડ ગમારા, જાદવ ગમારા, નાગજી ગમારા, હરેશ ગમારા, રામજી ગમારા, લાલા ગમારા, લાલા નાગજી ગમારા અને સુરેશ ગમારા તથા બીજા પક્ષે ભરત ગમારા, બીજલ ગમારા, લાખા ગમારા અને કુકા ગમારા મળી કુલ 13 આરોપીની ધરપકડ કરી છે. આરોપીઓ પાસેથી થાર ગાડી, બાઈક, મોબાઈલ, તબ્બલ અને ડાંગ સહિતનો મુદ્દામાલ જપ્ત કરાયો છે. ધિંગાણામાં ફાયરિંગ માટે વપરાયેલાં દેશી બનાવટની પિસ્તોલ, 3 ખાલી કેચિસ અને 1 જીવતો કારતુસ પણ કબજે લેવામાં આવ્યો છે. આરોપીઓની વધુ પુછપરછ હાથ ધરવામાં આવી છે.

**DATE: 21/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# ડમલાઈ ગામે ઘરની પાછળ સંતાડેલો દારૂ ઝડપાયો

ઝઘડિયા : ઝઘડિયા પોલીસ મથકમાંથી મળતી વિગતો મુજબ ગતરોજ પોલીસને બાતમી મળી હતી કે ડમલાઈ ગામે રહેતો ભાવેશ ભીખાભાઈ વસાવા દારૂ લાવેલ છે. પોલીસે તપાસ કરતા ઘરના પાછળના રૂમમાં બે મીણીયા કોથળા મળી આવ્યા હતા.અને તેમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો તથા પ્લાસ્ટિક ક્વાર્ટરો મળી આવ્યા હતા. પોલીસે ઘટના સ્થળેથી મળેલ આ ભારતીય બનાવટના વિદેશી દારૂનો કુલ રૂા. ૧૨,૬૦૦નો મુદ્દામાલ કબજે લઈને તપાસ દરમિયાન ઘરે હાજર નહિ મળેલ ભાવેશ ભીખાભાઈ વસાવા રહે. ડમલાઈ વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 22/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### શક્તિનાથ સર્કલ પાસે શ્રમજીવી વસાહતમાં રહેતો હતો

# ભરૂચમાં મંદિરોમાં ધાપ મારનારો તસ્કર આખરે પોલીસ સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના ભોલાવ ખાતે આવેલાં નારાયણ એવન્યૂ સોસાયટી ખાતે આવેલાં વિશ્વશ્વર મહાદેવ મંદિરમાં ગત વર્ષે 3 ડિસેમ્બરની રાત્રીએ તસ્કરોએ ત્રાટકી મંદીરમાંથી અંદાજે 50 હજારનું દાન ભરેલી બે દાનપેટીઓ ચોરી કરી ગયાં હતાં. જે અંગે મંદિરના પુજારી કમલેશ સતિષ ભટ્ટે સી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. દરમિયાનમાં ભરૂચ એસપી દ્વારા ચોરી-લૂંટ



તેમજ ઘરફોડ સહિતના ગુનાઓમાં વોન્ટેડ આરોપીઓને શોધવા માટે સુચના આપી હતી. ભરૂચ એસઓજી પીઆઈ એ. એ. ચૌધરી તેમજ તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી. તે વેળાં તેમને માહિતી મળી હતી કે, નારાયણ એવન્યૂ સોસાયટીના મંદિરમાં ચોરીના કારસામાં સંડોવાયેલો રાકેશ બચુ મેડા (હાલ રહે. શક્તિનાથ ગરનાળા ઝૂપડપટ્ટી, મુળ રહે. દાહોદ) ભોલાવ સર્કિટ હાઉસ પાછળ આવેલો છે. જેના પગલે ટીમે તેને ઝડપી પાડ્યો હતો. ટીમે તપાસ કરતાં તેણે અગાઉ ભરૂચની મંગલદિપ સોસાયટીમાં આવેલાં શિવ મંદીરમાં પણ ચોરી કરી હોવાની પણ જાણ થઈ હતી. પોલીસે ગુનો તેણે અન્ય કોઈ ગુનાઓને અંજામ આપ્યો છે કે કેમ તેની પણ તપાસ હાથ ધરી છે.

**DATE: 22/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### ઝઘડિયાના ઉમધરા ગામ પાસેની ઘટના

# કારથી ૩ બાઈકને અથાડી યુવાનનો ભોગ લેનાર ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ઝઘડિયા તાલુકાના સરસાડ ગામે રહેતાં ગણેશ સોમા વસાવા સાથે અગાઉ થયેલી તકરારની રીસ રાખી ઉમધરા ગામના રણજીત સોમા વસાવાએ તેનો જીવ લેવા માટેનો પ્રયાસ કર્યો હતો. ગણેશ તેના મિત્રના બર્થ ડે પાર્ટી માટે અન્ય મિત્રો સાથે સરસાડ ગામે ઉજવણી કર્યા બાદ ગણેશ તેમજ તેનો મિત્ર અનિલ એક બાઈક પર જ્યારે અન્ય બાઈક પર અન્ય મિત્રો આવી રહ્યાં હતાં. ત્યારે રણજીતે ઉમધરા ગામ પાસે તેની એક્સયુવી કારથી ત્રણેયની બાઈકને ઉડાવી દીધી હતી. અકસ્માતમાં અનિલનું મોત થતાં હત્યાનો ગુનો નોંધાયો હતો. દરમિયાનમાં પોલીસે તુરંત એક્શનમાં આવી રણજીત સોમા વસાવાને ઝડપી પાડ્યો હતો. પોલીસે તેના રિમાન્ડ મેળવવાની કવાયત હાથ ધરી છે. ઉપરાંત કારમાં જે તે સમયે રણજીતની સાથે તેના ગામનો હિતેશ, અજય તેમજ સરસાડનો રાહુલ લાલ વસાવા પણ કારમાં બેઠાં હોઈ તેમને પણ ઝડપી પાડવા પોલીસે કવાયત હાથ ધરી છે.

**DATE: 22/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### સગીરાની શાળામાં લાગેલાં સીસીટીવી ફૂટેજના આધારે ભાંડો ફૂટયો હતો

# ઝઘડિયાના એક ગામની સગીરાને ફોસલાવી હોટલમાં લઈ જનારા બન્ને શખ્સ ઝડપાયાં

ભાસ્કરન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા તાલુકાના એક ગામની સગીરા નજીકની માધ્યમિક શાળામાં અભ્યાસ કરે છે. 18 મીના રોજ સગીરા સવારના સમયે ઘરેથી શાળાએ જવા નીકળી હતી પણ શાળાએ નહિ પહોંચતાં શિક્ષિકાએ વાલીઓનો સંપર્ક કરતાં વાલીઓ શાળાએ ગયાં હતાં. જ્યાં સીસીટીવીના ફૂટેજ તપાસવામાં આવતાં રાજપારડીનો મેહુલ પટેલ અને યુવરાજસિંહ રાજ તેને કારમાં બેસાડીને લઇ ગયાં હોવાનું જોવા મળ્યું હતું. બંને યુવાનો સગીરાને દુષ્કર્મ કરવાના ઈરાદે ભરૂચની એક હોટલમાં લઇ ગયા હતાં પણ સગીરાના વાલીઓને જાણ થઇ ગઇ હોવાની ગંધ આવી જતાં બંને કારમાં સગીરાને પાછી મુકી ગયાં હતાં. સગીરાના માબાપ યુવરાજસિંહના ઘરે કહેવા જતાં તેના પરિવારજનોએ ધમકીઓ આપતાં તેમણે બન્ને સામે પોલીસ ફરીયાદ નોંધાવી હતી. આરોપીઓ રાજપારડીમાં હોવાની માહિતી મળતાં બંનેને દબોચી લીધા હતાં.

### સગીરાની શાળામાં જ આરોપીની દીકરી અભ્યાસ કરે છે

ઝઘડિયા તાલુકાની એક સગીરા ને બદકામ કરવાના ઈરાદે જે શાળાના ગેટ પર થી અપહરણ કરી લઈ ગયા હતા તે જ શાળામાં સગીરાના અપહરણ ના આરોપી મેહુલ પટેલની દિકરી પણ અભ્યાસ કરતી હોવાની વિગતો સામે આવી રહી છે.

**DATE: 22/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-03**

# અંકલેશ્વર જીઆઈડીસી રહેણાંક વિસ્તારમાં દારૂ સપ્લાય કરતો બૂટલેગર ઝડપાયો

અંકલેશ્વર તા. ૨૧

અંકલેશ્વર જીઆઈડીસીના ગોલ્ડન પોઈન્ટ વિસ્તારમાં ફોરવ્હીલ કારમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો સપ્લાય કરવા આવનાર શખ્સને અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે ઝડપી પાડ્યો હતો.

## દારૂનો જથ્થો અને કાર મળી રૂ.૩.૫૮ લાખનો મુદ્દામાલ જપ્ત

અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે બાતમીના આધારે અંકલેશ્વર જીઆઈડીસીના ગોલ્ડન પોઈન્ટ ચોકડી નજીક આવેલા એકઝોટીક બંગ્લોઝના ગેટ પાસે રાત્રી દરમ્યાન એક કારમાં એક શખ્સ ઈંગ્લીશ દારૂનો જથ્થો લઈ સ્થાનિક બૂટલેગરોને દારૂનું કટીંગ કરી રહ્યો છે. જેવી બાતમીના આધારે પોલીસે સુચિત સ્થળે દોડી જઈ કારને ઘેરી લઈ તપાસ કરતા કારમાં વ્હીસ્કીની બોટલો તેમજ બીયરના ટીનનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે કારમાંથી ઈંગ્લીશ દારૂની ૭૫૦ મીલીની કાચની બોટલ નંગ-૪૮ રૂ.૩૮,૪૦૦,બીયર ટીન નંગ ૯૬ રૂ. ૯૬૦૦ મળી કુલ રૂ. ૪૮,૦૦૦નો જથ્થો જપ્ત કર્યો હતો.તેમજ કાર સાથે મુકુંદ શાંતીલાલ વસાવાની અટકાયત કરી હતી. પોલીસે દારૂનો જથ્થો, કાર, મોબાઈલ મળી કુલ રૂ.રૂ ૩,૫૮,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.આ સપ્લાયર્સની પ્રાથમિક પૂછપરછમાં તેણે એવી કબૂલાત કરી હતી કે આ દારૂનો જથ્થો અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં દારૂનો વેપલો કરતો બૂટલેગરો વિજયભાઈ મણીલાલ પટેલ તેમજ ઝગડીયાના લાલાએ મંગાવ્યો હતો.આથી પોલીસે એ બંનેને વોન્ટેડ જાહેર કરી તપાસ હાથ ધરી હતી.

**DATE: 23/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### સગીર પુત્રીએ પોલીસ ફરિયાદ આપી હતી

# પુત્રી સાથે દુષ્કર્મ આચરનારો પિતા આખરે પોલીસ સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના એક વિસ્તારમાં રહેતાં અને રીક્ષા ચલાવતાં એક શખ્સે તેની સગી સગીર પુત્રી સાથે દુષ્કર્મ આચરી તેને ગર્ભવતિ બનાવી હોવાની ઘટના બની હતી. બનાવ સંદર્ભે સગીરાએ તેની સાવકી માતાની મદદથી ભરૂચ સી ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. જેની તપાસ ઈન્વેસ્ટીગેટીવ યુનિટ ફોર ક્રાઈમ અગેઈન્સ્ટ વુમન યુનિટને સોંપવામાં આવી હતી. જેના પગલે ટીમે હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેક્નિકલ સર્વેલન્સની મદદથી સગીરાના પિતાની પહેલાં ધરપકડ કરી લીધી હતી. બીજી ટીમે પણ સગીરાને પત્ની તરીકે રાખનારની પણ ધરપકડ કરતાં તે જૂવેનાઈલ હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. જેના પગલે ટીમે પિતાને કોર્ટમાં રજૂ કર્યાં બાદ સબજેલમાં ધકેલી દીધો હતો. જ્યારે કથિત પતિને જૂવેનાઈલ હોમમાં મોકલી દેવાયો હતો.

**DATE: 23/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

### ભરૂચ અને પાલેજ પંથકમાં સ્થાનિક પોલીસે દરોડાં પાડ્યા

# જિલ્લામાં બે સ્થળે જુગાર રમાડતાં 3 જુગારીયા ઝડપાયા : એક ફરાર

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ સી ડિવિઝન પોલીસ મથકની ટીમ પેટ્રોલિંગમાં હતી. તે વેળાં તેમને ચોક્કસ બાતમી મળી હતી કે, શિતલસર્કલથી નર્મદા મૈયા બ્રીજ નીચે કેટલાંક શખ્સો વરલી મટકાનો જુગાર રમાડે છે. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડતાં શહેબાઝ બશીર અબ્દુલ મઝીદ મસ્તાન તેમજ હનીફ અહેમદ શેખ નામના બે શખ્સોને આંકડાનો જુગાર રમાડતાં ઝડપી પાડ્યાં હતાં. ટીમે તેમની પાસેથી 10 હજારથી વધુની રોકડ તેમજ 8 હજારનો મોબાઈલ જપ્ત કર્યો હતો.

બીજી તરફ પાલેજ પોલીસે ટંકારિયા ગામના મોટા પાદરમાં તળાવ કિનારે મુનાફ પાન સેન્ટર નામની કેબિનમાં મોબાઈલ પર ગ્રાહકો પાસેથી આંકડાના નંબર લઈ જુગાર રમાડતાં મુનાફ મહંમદ દેવરામ ( રહે. ટંકારિયા) નામના શખ્સને ઝડપી પાડ્યો હતો. ટીમે તેની પાસેથી રોકડા તેમજ મોબાઈલ મળી કુલ 3820 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 23/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-03**

# મોપેડની ડીકીમાં બોટલો રાખી દારૂ વેચતો ઈસમ ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસી એસટી ડેપો પાસે આવેલ પેટ્રોલપંપની બાજુ માં એક ઈસમ એક્ટિવાની ડીકીમાં વિદેશી દારૂની બોટલો રાખી વેચાણ કરતો હોવાની બાતમી પોલીસને મળી હતી. પોલીસે દરોડો પાડી ઈશકૃપા સોસાયટીમાં રહેતા પિયુષ મોદીને 24 બોટલ સાથે ઝડપી પાડયો હતો. આરોપીની ધરપકડ કરી તે દારૂનો જથ્થો કયાંથી લાવ્યો હતો તેની તપાસ હાથ ધરી છે.

**DATE: 23/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ગત ડિસેમ્બર મહિનામાં દારૂ ભરેલો ટેમ્પો અને 3 કાર મળી આવી હતી

# શુક્લતીર્થ ગામ પાસે દારૂના વેપલામાં 6 મહિનાથી ફરાર ચાર બૂટલેગર સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

શુક્લતીર્થ ગામે ભીલવાડાથી આગળ ખેતરમાં ગત 8મી ડિસેમ્બરે આઈસરમાં લવાયેલો દારૂ કટિંગ કરવાનો કારસો ચાલી રહ્યો હોવાની ચોક્કસ બાતમીના આધારે જેના પગલે એસીબીએ દરોડો પાડી 6.70 લખાનો દારૂ તેમજ ત્રણ કાર તેમજ આઈશર સહિત કુલ 36 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જે તે સમયે આરોપી ઝડપાયા ન હતાં. જોકે, અંક્લેશ્વરના જિજ્ઞેશ ઉર્ફે જીગો કિરીટ પરીખે કટિંગ કરવા દારૂ મંગાવ્યો હોવાની માહિતી મળી હતી. દરમિયાનમાં તેને પાસામાં રાજકોટ મધ્યસ્થ જેલમાં ધકેલી દેવાયો હતો.



ટીમે તેના અન્ય સાગરિતોને ઝડપી પાડ્યાં હતાં. અરસામાં એલસીબીએ જિજ્ઞેશ ઉર્ફે જીગાનો કબજો મેળવી તેના બે દિવસના રિમાન્ડ મેળવી તે કોને દારૂ કટિંગ કરી આપવાનો હતો તેની વિગતો મેળવતાં તેમના નામ પ્રકાશ .ફે લાલો રમેશ વસાવા (રહે. અંકુર સોસાયટી, પાંચબત્તી રોડ) રણજીત ચતુર વંસાવા (રહે. માંડવા, અંક્લેશ્વર) તેમજ સુરેશ ભીખા વાળંદ (રહે, ઝનોર)ને તે સપ્લાય આપવાનો હોવાની કબુલાત કરી હતી. જેના પગલે ટીમે તેમની પણ ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરી તેમના પણ બે દિવસના રિમાન્ડ મેળવ્યાં છે.

**DATE: 23/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-09**

# અંકલેશ્વરમાં દારૂની હેરાફેરી કરતા બૂટલેગર ઝડપાયો

અંકલેશ્વર : અંકલેશ્વર બી ડિવિઝન પોલીસે વિદેશી દારૂનું વેચાણ કરતાં બુટલેગરને ઝડપી પાડ્યો હતો. પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમા હતો તે દરમિયાન બાતમી મળી હતી કે જી.આઈ.ડી.સી. બસ ડેપો પાછળ પેટ્રોલ પંપની બાજુમાં એક ઈસમ એક્ટિવાની ડીકીમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડી વેચાણ કરે છે. જેવી બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા પોલીસે વિદેશી દારૂની ૨૪ નંગ બોટલ મળી પિરામણ નાકા પાસે આવેલ ઈસકૃપા સોસાયટીમાં રહેતો બુટલેગર પિયુષકુમાર નિલેશચંદ્ર મોદીને ઝડપી પાડ્યો હતો.

**DATE: 23/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

### અંકલેશ્વરના વાલિયા ચોકડી વિસ્તારમાંથી

# એક્ટિવામાં દારૂ ભરી છૂટક વેચાણ કરતો શખ્સ ઝડપાયો

અંકલેશ્વર તા. ૨૨

અંકલેશ્વરના વાલિયા ચોકડી વિસ્તારમા બસ ડેપો નજીક આવેલ પેટ્રોલ પંપની બાજુમાં એક્ટિવા સ્કુટરમા દારૂનું છૂટક વેચાણ કરતો શખ્સ ઝડપાયો હતો.

## પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

અંકલેશ્વર શહેર બી ડીવીઝન પોલિસ સ્ટેશનનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો તે દરમ્યાન બાતમી મળી હતી કે અંક્લેશ્વર જી.આઈ.ડી.સી બસ ડેપોની પાછળ આવેલા પેટ્રોલ પંમ્પની બાજુમા આવેલ ખુલ્લી જગ્યા ઉપર એક ઈસમ એક્ટીવા ની ડેકીમા ઈંગ્લીશ દારુનો જથ્થો રાખી અને છૂટકમા વેચાણ કરે છે.જે બાતમીના આધારે તપાસ કરતા એક્ટીવાની બાજુમા ઉભેલ ઈસમને પકડી પાડ્યો હતો અને ડેકીમા તપાસ કરતા તેમાંથી કુલ ૨૨ જેટલી દારૂની બોટલો રૂ.૧૮૦૦ મળી આવી હતી. પોલીસે પીરામણ નાકા ઈસકૃપા સોસાયટી ના રહીશ પિયુષ નિલેશચંદ્ર મોદીની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 24/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

# ભરૂચમાં પ્રોહિબિશનના ગુનામા વૉન્ટેડ આરોપીઓને ઝડપી પાડયા

ભરૂચ : ભરૂચ એલ.સી.બી.ના પોલીસ ઈન્સપેક્ટર એમ.પી.વાળાએ એલ.સી.બી.ના અધિકારી અને કર્મચારીઓને વોન્ટેડ આરોપીઓની માહીતી એકત્ર કરી આરોપીઓ શોધી કાઢી કાર્યવાહી કરવા માર્ગદર્શન આપેલ જેથી પો.સ.ઈ. એમ.એમ.રાઠોડ એલ.સી.બી. ભરૂચની ટીમ દ્વારા (૧) જીગ્નેશ ઉર્ફે જીગો કીરીટભાઈ કાંતીલાલ પરીખ જે રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે પાસા અટકાયતામાં હોય તેને ટ્રાન્સફર વોરંટના આધારે કસ્ટડી મેળવી તથા (૨) પ્રકાશ ઉર્ફે લાલો રમેશભાઈ નટવરભાઈ વસાવા રહેવાસી, અંકુર સોસાયટી, ભરૂચ (૩) રણજી ચતુરભાઈ સોમાભાઈ વસાવા રહેવાસી, માંડવા ગામ, વસાવા ફળીયુ તા. અંકલેશ્વર અને (૪) સુરેશ ભીખાભાઈ વાળંદ રહેવાસી રહે, ઝનોરને ઝડપી પાડવામાં આવ્યા હતા ઝડપાયેલા આરોપીઓ નબીપુર પો.સ્ટે.ના પ્રોહોબિષન ના ગુનામાં વોન્ટેડ હતા. આરોપીઓને કોર્ટમાં રજુ કરી રીમાન્ડ મેળવવા અંગે એમ.એમ.રાઠોડ પોલીસ સબ ઈન્સપેક્ટર એલ.સી.બી ભરૂચ દ્વારા આગળની તપાસ હાથ ધરવામાં આવ્યા છે.